

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

આંખ અમીરો પર, ગરીબી નજરથી છૂટે છે,
ભૂખ્યા પેટે, ઉડાડે આકાશે પ્રજાને લૂંટે છે!
ઝૂંટવે સૌંદર્ય - દૃષ્ટિ, કૂદાવે ડુંગરા ફોગટ -
'વિકાસ' દોડે છે ખોટા રસ્તે પ્રજા માથું કૂટે છે!

હાઈકુ

મૂંડી નાખશે
ટોલ ને ટિકીટોથી -
ગરીબ - પ્રજા...

'મમ-મમ' દો!
સી-પ્લેનમાં બેસીને -
પેટ ભરાય?!

(માત્ર સ્વપ્ન સહારે ઉડતી સરકાર)

## ચિંતન

મા નો નિદે ચ વક્તનેડ્યોં રનધીરાવ્યે ।
ત્વે અપિ ક્તુર્મમ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે મનુષ્યો! તમે કદી કોઈને કડવા વચનો કહેશો નહીં. કોઈની નિંદા ન કરતા, કૃત્ઘ્ની ન બનશો. દુ:ખી લોકોને મદદ કરતા રહેજો. તમારું પ્રત્યેક શુભ કર્મ પરમેશ્વરને સમર્પિત થાઓ.

કડવાં વચન ઘણાં જ અનર્થકારી હોય છે, મર્મભેદી બાણોથી મનુષ્યના હૃદયને એટલો બધો સંતાપ નથી થતો, જેટલો કઠોર વચનોથી થાય છે. બીજાઓની નિંદા કરવી, તેમનાં દુર્ગુણોનો પ્રચાર કરવામાં આનંદ લેવો, જે આપણાને મદદ કરે તેમના પ્રત્યે કૃત્ઘ્નતા પ્રદર્શિત કરવી એ પણ કડવાં વચનો સમાન જ મર્મભેદી હોય છે. પ્રિય વચનો બોલવાથી સંસારમાં સુખ મળે છે, પરંતુ એનો અર્થ કોઈની ખુશામત કરવાનો નથી, પોતાની વાતને દૃઢતાથી કહેવાની મધુરતાનો પાલવ કદીય છોડવો ન જોઈએ.

## સુવિચાર

- પ્રેમ પ્રગટ થાય ત્યાં કરુણા ન પણ હોય,
  પરંતુ જયાં કરુણા પ્રગટ થાય ત્યાં ઈશ્વર પ્રગટ થાય જ - **મોરારિ બાપુ**
- સાધુની આંખો કોરી હોય તો સમજવું તે ખોટનો સોદો છે - **જનકલ્યાણ**
- ઘોડાની લાત સારી પણ ગધેડાની ઉપર ચઢવું સારું નથી,
  વિદ્વાનો સાથે સ્પર્ધા સારી પણ મૂર્ખની મિત્રતા સારી નથી - **જીવન પાથેય**
- મહાન થવું એ ભાગ્યની વાત છે, પણ સાચા માનવ તો સૌ કોઈ થઈ શકે છે - **સંત ઓગસ્ટીન**
- જબ ભાગ્ય હંસ રહા હો ઔર કર્તવ્ય માર્ગ બતા રહા હો તબ મૌંકે કો મત જાને દો - **અમૃતબિંદુ**
- પોતાની જાતને જ નમૂના તરીકે રાખનાર ભાગ્યે જ સુધરી શકે - **ફ્રેડરિક નિત્શે**
- આજનું ઔષધ : હિંગ અને કપૂર મગના દાણા જેટલા લઈ તેમાં પાંચ મિલિ આદુનો રસ ઉમેરી ચાટવાથી તાવ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

મહાભારતના યુદ્ધ પછી ધર્મરાજ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને પૂછ્યું, 'પ્રભુ, આ યુદ્ધ દરમિયાન અમે જાણે-અજાણે ઘણા પાપ કર્યા છે. અમારી ઈચ્છા છે કે અમે તીર્થ સ્થાનોમાં જઈને પવિત્ર નદીઓમાં સ્નાન કરી પાવન થઈએ. તમે પણ અમારી સાથે આવો તો કૃપા થશે.' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'તમે આ એક કડવા લીમડાની ડાળી સાથે લઈને જાઓ. અને મારા વતી આ ડાળીને દરેક પવિત્ર નદીમાં સ્નાન કરાવજો. અને યાત્રા પૂરી કરીને આવો ત્યારે આ ડાળી પણ મને પરત આપશો.' પાંડવો યાત્રાએ નીકળ્યા. અનેક તીર્થો ફર્યા, દર્શન કર્યા, પવિત્ર નદીઓમાં સ્નાન કર્યા. પેલી લીમડાની ડાળીને પણ સ્નાન કરાવ્યા. પાછા ફરી શ્રીકૃષ્ણને અર્પણ કરી. શ્રીકૃષ્ણે પૂછ્યું, 'આપે, આ ડાળીને પણ બરાબર સ્નાન કરાવ્યું છે ને??' પાંડવોએ હકારમાં માથું નમાવ્યું. બીજે દિવસે સભા ભરાઈ. શ્રીકૃષ્ણએ લીમડાની એ ડાળીના પાન સૌને આરોગવા કહ્યું, 'પાન ચાવતાં જ કડવાશથી મોં બાંગી ગયું.' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું : 'જુઓ આ લીમડાના ગુમ છે. તમારા જેટલી જ યાત્રા કરી, પવિત્ર નદીઓમાં સ્નાન પણ કર્યા છે. છતાંય તેની કડવાશ તો ગી નથી. માટે માત્ર સ્નાન કરવાની કે દર્શન કરવાતી કે યાત્રા કરવાથી કોઈનાં પાપ ધોવાય નહીં.' પાંડવો ને શ્રીકૃષ્ણની વાત સાંભળી હકીકતનો અહેસા થયો.

# સાચદિલ લોકનેતાની વિદાય

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણીની જે નવી વ્યાખ્યા સર્વવ્યાપી બની ગઈ છે એથી જોજનો દૂર રહી છેક પાયાના કાર્યકરથી ટોચના નેતાપદ સુધી પહોંચીને ગુજરાતની પ્રજાના હૃદયમાં સ્થાન અને માન મેળવનારા કેશુભાઈ પટેલની વિદાયથી રાજકારણના ક્ષેત્રે અમિટ છાપ ઊભી કરનાર સજ્જન જનનાયકોની પેઢીનો અંત આવ્યો છે. કેશુભાઈ પટેલને એમના જ પક્ષના સાથી શંકરસિંહે બળવો કરીને મુખ્યમંત્રી પદેથી હટાવ્યા તે ગુજરાત અને દેશના રાજકારણને નવો અવાંછિત વળાંક આપનારી ઘટના હતી. હવે એ જ શંકરસિંહ વાઘેલા કેશુભાઈ પટેલને હટાવવા બદલ અફસોસ વ્યક્ત કરે છે અને એમના ભોળપણની સાથે જ નિષ્ઠાની દુહાઈ આપે છે. ગુજરાતમાં જનસંઘનો દીવો કે ભાજપનું કમળ પ્રગટાવાનું શ્રેય કેશુભાઈ પટેલના ફાળે જાય છે. ભાજપના ભીષ્મ પિતામહને જતી ઉંમરે ભાજપ છોડીને 'ગુજરાત પરિવર્તન પાર્ટી' બનાવવી પડી એ એમની સેવાઓની ભાજપ હાઈકમાન્ડે કરેલી 'કદર'નું પરિણામ હતું! એ જુદી વાત છે કે કેશુભાઈના એ નવા પ્રયોગને કાશીરામ રાણા એન એ.કે. પટેલ જેવા સિનિયર નેતાઓનું સમર્થન હોવા છતાં કેશુભાઈ પટેલને તો એમની વિસાવદરની બેઠક પરથી પ્રજાએ જિતાડ્યા હતા, પરંતુ હવે પોતાનો વક્કર રહ્યો નથી એવી સમજ પડતાં જ એમને એ જીતેલી બેઠક પરથી રાજીનામું આપી રાજકીય ક્ષેત્રે સંન્યાસ સ્વીકારી લીધો હતો. ૯૨ વર્ષ પૂરાં કરીને ગત ૨૪ જુલાઈએ ૯૩માં વર્ષમાં પ્રવેશેલા આ લોકનેતા કોઠાસૂઝ અને કઠોર પરિશ્રમને કારણે જ લોટ દળવાની ઘંટી ચલાવનાર કે સાઈકલ પર દૂધનાં કૅન બદલી રાજકોટમાં ઘરે ઘેર દૂધ પહોંચાડનાર અદના માનવીમાંથી ઉપર ઊઠીને ગુજરાતના બબ્બે વખત મુખ્યમંત્રી બની શક્યા હતા. નર્મદાના વિકટ પ્રશ્નને મધ્યપ્રદેશના કોંગ્રેસી મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ ચર્ચા વિચારણા કરી ઉકેલવાનું શ્રેય કેશુભાઈને જાય છે. એવી તો કંઈ કેટલીય લોકલક્ષી અને ખેડૂતલક્ષી યોજનાઓનું બીજ એમણે રોપ્યું હતું જેને અનુગામી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આગળ વધારી હતી. કેશુભાઈ સૌમ્ય, સહજ, ડાઉન ટુ અર્થ લોકનેતા હતા. પ્રશ્નોના મૂળ સુધી પહોંચી એનો ઉકેલ ન જડે ત્યાં સુધી જંપતા નહોતા. જનતા મોરચાની બાબુભાઈ જશભાઈની સરકારમાં તેઓ કૃષિમંત્રી બન્યા હતા અને ચીમનભાઈ સાથે પણ કામ કર્યું હતું. ૧૯૯૫માં ભાજપને સત્તાસ્થાને પહોંચાડનાર કેશુભાઈને ઘર ફૂટ્યે ઘર જાયે - જેવી સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો પરંતુ એ પછીની ચૂંટણીમાં ફરીવાર પ્રજાએ એમને રંગેચંગે મુખ્યમંત્રી પદે બેસાડ્યા હતા. કચ્છના ભૂકંપમાં સરકારી કર્મચારીઓના ભ્રષ્ટાચાર તથા સાબરમતી - સાબરકાંઠાની પેટાચૂંટણીઓ અને પંચાયતોની ચૂંટણીઓમાં પાર્ટીને મળેલી હાર પછી એમને મુખ્યમંત્રી પદેથી હટાવી નરેન્દ્ર મોદીને સુકાન સોંપાયું અને અનિચ્છાએ એમને રાજય સભાના સદસ્ય તરીકે ચૂંટાવું પડ્યું. એમને વાજપેયી સરકારમાં ગ્રામવિકાસ કે કૃષિ જેવા વિભાગમાં કેબીનેટ મંત્રીપદની ઓફર થયેલી જે એમને વિનયપૂર્વક ઠુકરાવી દીધી હતી. કેશુભાઈનું રાજકીય વજૂદ ખલાસ કરી દેવાના કારસા થતા રહ્યા છતાં લોકહૃદયમાં એમના પ્રત્યે અપાર સદ્ભાવ અને સહાનુભૂતિ રહેવા પામી હતી. સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે સ્વીકારેલી કામગીરી એમણે છેલ્લા શ્વાસપર્યંત ખૂબ જ શ્રદ્ધાપૂર્વક નિભાવી હતી. કોરોના સંક્રમિત થયા પછી સાજા થઈને પરત ફરેલા વયોવૃદ્ધ નેતાએ એકાએક શ્વાલ લેવાની તકલીફ પડતાં પુન: હોસ્પિટઈઝ થવું પડ્યું જયાં એમને 'કાર્ડિયાક એરેસ્ટ' ને લીધે દેહ છોડ્યો. રાજય સરકારે એમને રાજકીય સન્માન સાથે વિદાય આપી અને એમને હાંસિયે ધકેલનારા એમના જ ઉછરેલા નેતાઓ એમના પર પ્રશંસાના પુષ્પો વેરતા થાકતા નથી ત્યારે એ ભલાભોળા લોકનેતાનો આત્મા જરૂર મલકાતો હશે, કારણ કે એ સાચા અર્થમાં ઝેર પચાવી જાણનારા ઓછું ભણેલા છતાં અનુભવની ભઠ્ઠીમાં તપેવલા સોમનાથભક્ત હતા, અને ગીતા પ્રબોધેલ 'સ્થિતપ્રજ્ઞ' મહાત્મા હતા.

# ...હર તાકતવર અપને કે કમ કો માર કે જીતા હૈ

**ચીંટી કો બિસ્તુઈયા ખાતા જાતા હૈ, બિસ્તુઈયા કો મેંઢક, મેંઢક કો સાપ નિગલ જાતા હૈ, નેવલા સાપ કો મારતા હૈ, ભેડિયા નેવલે કા ખૂન ચૂસ લેતા હૈ, શેર ભેડિયો કો ચબા જાતા હૈ, ઈધર હર તાકતવર અપને કે કમ કો માર કે જીતા હૈ**

**- અગ્નિભથ**



વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

૧૯૯૦માં મુકુલ આનંદ દિગ્દર્શિત આ ફિલ્મથી કોણ અજાણ હોઈ શકે? 'કલ્ટ ક્લાસિક' ગણાતી આ ફિલ્મે અભિતાભ બચ્ચનને 'નેશનલ એવોર્ડ' અપાવ્યો હતો. અમિતાભના પ્રયોગાત્મક અવાજમાં બોલાયેલ આ ડાયલોગ હમણાં જ જન્નતનશીન થઈ ગયેલાં મર્હૂમ કાદરખાને લખ્યો છે. પોલીસ કમિશનર ગાયતોન્ડેને જીવ જોખમમાં ન નાખવા સમજાવવા જતી વખતે અમિતાભના મુખે આ સંવાદ અને જીવનનું અમીટ સત્ય કહેવાયું છે.

આવું જ અમિટ સત્ય લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં ભારતીય ઈતિહાસ-લેખનમાં પ્રમાણિત થયેલ પહેલી પ્રામાણિક કૃતિ 'રાજતરંગિણી'માં કહેવાઈ ચૂકી છે. કવિ કલ્હણ દ્વારા રચિત આ કૃતિનો સમય ૧૧૪૭થી ૧૧૪૯ વચ્ચેનો મનાય છે.

તીર્થસ્થિત: સ્વકુલજાન્ તિમિરત્તિ ભુઙ્ક્તે - મૌની બકસ્તિમિમુપેત્ય વનાન્તવાસી।
વ્યાધોનિહન્તિ તુ બંક પ્રભવન્તિ તે તે પાત્રાણ્યુપર્યુપરિ વઞ્ચનચુઞ્ચુતાયા: ॥

જલમાં રહેતી તિમિ (મત્સ્ય) પોતાના કુળવાઓને ખાઈ જાય છે, તિમિ (મત્સ્ય)ને જંગલનો શાણો બગલો આહાર બનાવી લે છે, શિકારી તે બગલાને હણી કાઢે છે. બધા એકબીજાથી વધારે છેતરપીંડીમાં - ઠગાઈમાં શૅર પર સવા શૅર બને છે.

છે ને બાકી! કલ્હણથી કાદરખાન ... શૅર માથે સવાશૅર...

'રાજતરંગિણી' (રાજાઓની નદી) 'રાજાઓનો સમયપ્રવાહ' નામક આ ગ્રંથ કવિતા રુપે મળી આવે છે. મહાભારત કાળ પછીના સમયથી આ પુસ્તકમાં આલેખિત થયો છે. આ પુસ્તકના મત પ્રમાણે કાશ્મીરનું નામ 'કાશ્યપમેરુ' હતું, જે બ્રહ્માના પુત્ર મરીચીના પુત્ર હતા.

૧૯મી શતાબ્દીનાં ઉત્તરાર્ધમાં ઔરેલ સ્ટીન (Aurel Stein) એ પંડિત ગોવિંદ કૌલની સહાયથી રાજતરંગિણીનો અંગ્રેજી અનુવાદ કરાવ્યો હતો.

- jayuoza@gmail.com, Mo.9898046488

# 'કવિતાના કલશોર'નો કાર્યક્રમ ઑનલાઈન યોજાયો



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● કુમાર આર્ટસ ફાઉન્ડેશન, ભારત અને સાહિત્ય સરિતા, મુંબઈના ઉપક્રમે, તા. ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ, કુમાર આર્ટસ ફાઉન્ડેશનના પ્રમુી કુમાર જૈમિની શાસ્ત્રી અને સાહિત્ય સરિતા, મુંબઈના સંયોજક- હિતેન આનંદપરાની પ્રેરક ઉપસ્થિતિમાં,એક કાવ્ય ગોષ્ઠિનો 'માતૃશક્તિ' કાર્યક્રમ, ઑનલાઇન યોજાઈ ગયો; જેમાં,વર્ષા પ્રજાપતિ'ઝરમર', સ્નેહા પટેલ 'અક્ષિતારક', ડોક્ટર અર્ચના પટેલ અને અનિલ વાળા દ્વારા પોતાની રચનાઓ રજૂ કરવામાં આવી; જેમાં અન્ય કૃતિઓ ઉપરાંત, પ્રત્યેક કવિ દ્વારા 'માતૃશક્તિ' અન્વયે માતા-કાવ્યની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી; જેનું સંકલન અધ્યક્ષ સતીશ ડણાક દ્વારા અને કાર્યક્રમનું સંચાલન વિનોદ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતુ.

● મહેસાણા કાવ્ય સભા દ્વારા યોજવામાં આવતી કાવ્ય શ્રેણી 'કવિતાનો કલશોર' અંતર્ગત,તા.૨૮-૧૦-૨૦૨૦ ના રોજ, રાત્રે ૯-૩૦ કલાકે, કવિ ભરત ભટ્ટ 'પવન'ની 'કવિતાના કલશોર'નો કાર્યક્રમ ઑનલાઈન યોજાઈ ગયો.

● ગુજરાત સરકારની સ્વાયત સંસ્થા, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદના ઉપક્રમે, 'ગુજરાતી સાહિત્યમાં શ્રમજીવીઓ' અન્વયેનું, જાણીતા કવિ અને લેખક તથા તજજ્ઞ વક્તા ડો.અશોક ચાવડા 'બેદિલ'નું ઑનલાઈન વ્યાખ્યાન,તા.૨૯-૧૦-૨૦૨૦ ના રોજ યોજાઈ ગયું.

muljibhaidadhi@gmail.com
- (M)9824236893

# ગુર્જર વિશ્વનિવાસી : હીરુભાઇ (એચ.એમ.પટેલ)



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

રીઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર તેમજ આર્થિક બાબતોના નિષ્ણાત આઈ. જી. પટેલે તા.૦૯-૧૧-૨૦૦૩ના રોજ લખ્યું :

''હીરુભાઈ (એચ.એમ.પટેલ) એ દેશ આઝાદ થયો તે મહત્વની તેમજ પડકારરૂપ ક્ષણે રાષ્ટ્રીય કક્ષાએ ચાવીરૂપ કહી શકાય તેવી અગત્યની શાસકીય ભૂમિકા ભજવી. ઘણાં ઓછા ટોચના અધિકારીઓના ફાળે આવું કામ આવ્યું છે. હ્વહ્વ એચ. એમ. ભારત આઝાદ થયું ત્યારે દેશના સર્વોચ્ચ વહીવટી વડા - કેબીનેટ સેક્રેટરી તરીકે રહ્યા. દેશના નાણાંપ્રધાનથી માંડી વલ્લભવિદ્યાનગરની ગ્રામ પંચાયતના સરપંચ તરીકે પણ એકજ નિષ્ઠાથી ફરજ બજાવનાર હીરુભાઈ એ ગુજરાત તરફથી તત્કાલિન અખંડ હિન્દુસ્તાનને મળેલી અમૂલ્ય ભેટ છે. સરદાર સાહેબ તથા ભાઈકાકાના સ્મરણ સાથેજ ચરોતરના આ જાજ્વલ્યમાન વ્યક્તિત્વની સ્મૃતિ થાય છે. દિલાવરસિંહ જાડેજા જેવા સમર્થ અધ્યાપક તથા તેમના સાથીઓએ ''એચ.એમ.નો અક્ષરદેહ'' લખીને આપણાં સુધી હીરુભાઈના જીવનની મહત્વની ઘટનાઓ પહોંચાડવાનો સુંદર તથા સુગ્રથિત પ્રયાસ કરેલો છે. (એચ.એમ.નો અક્ષરદેહ – પ્રકાશક : સવિતા મેમોરિયલ ટ્રસ્ટ, વલ્લભવિદ્યાનગર) ભારતના બ્રિટિશ સરકાર દ્વારા નીમાયેલા છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને લખ્યું કે એચ.એમ.ની કામગીરી માટે તેઓ ઊંડો પ્રશંસાભાવ ધરાવે છે. પંડિત જવાહરલાલ નહેરુએ સરદાર સાહેબને લખેલા તા.૩-૨-૪૯ના પત્રમાં કાશ્મીરના ગૂંચવણભર્યા તેમજ નાજુક મામલાને સંભાળવા માટે 'કાબેલ અધિકારીહ્વ એચ.એમ.પટેલની સેવા ફાળવવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હતી. કાળક્રમે સરદાર પટેલ સાથે નહેરુના વિચારોનું અંતર વધતુ ગયું તેમ પંડિત નહેરુની હીરુભાઈ તરફની ઉષ્માામાં ઘટાડો થયો હોવાનો પણ મત છે.

વિન્સન્ટ ચર્ચિલની વિદાય પછી ઈંગ્લાંડમાં નવી રચાયેલી સરકારનું વલણ અનેક કારણોસર હિન્દુસ્તાનને આઝાદી આપવા તરફ હતું. ગાંધી નામના ગેબી પુરુષના પ્રચંડ પુરુષાર્થથી જાગૃત થયેલો દેશ હવે બંધનોમાં રાખવો મુશ્કેલ છે તેવી વાત વિદેશી શાસકો સમજી શકતા હતા. લોર્ડ માઉન્ટબેટન પોતાની સરકારના વલણને સમજી હિન્દુસ્તાનને આઝાદ કરવાની કામગીરીમાં સક્રિય હતા. દેશના બટવારાને કારણે અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવાનું થતું હતું. આ પડકારરૂપ કામગીરી કરવા માટે વહીવટી વડા તરીકે ભારત તરફથી એચ.એમ. તેમજ પાકિસ્તાન તરફથી મોહમ્મદઅલી ચૌધરીને સોંપવામાં આવ્યું હતું. આ બન્ને કાબેલ વહીવટ અધિકારીઓ કાઉન્સીલના માર્ગદર્શન નીચે કાર્ય કરતા હતા. આ સર્વોચ્ચ કાઉન્સીલમાં ભારતના પ્રતિનિધિ તરીકે પંડિત નહેરુ તેમજ સરદાર પટેલ હતા. પાકિસ્તાનના પ્રતિનિધિ તરીકે મહમ્મદ અલી ઝીણા તેમજ લિયાકત અલી ખાન હતા. ભારત -પાકિસ્તાન વચ્ચે વહેંચણી કરવાની થતી અનેક બાબતોનો નિર્ણય કરવાનું ચાવીરૂપ કાર્ય એચ.એમ. તરફથી સુપેરે કરવામાં આવ્યું. લોર્ડ માઉન્ટબેટન, સરદાર સાહેબ તેમજ પંડિત નહેરુને હીરુભાઈની વહીવટી શક્તિમાં વિશ્વાસ હતો તે એક મહત્વની હકીકત છે. દેશ આઝાદ થયો તે પહેલા કાઉન્સીલે તેની સમક્ષ રજૂ થયેલા લગભગ તમામ પ્રશ્નોનો વ્યવહારુ ઢબે ઉકેલ કર્યો હતો તે સામાન્ય વાત નથી. ચરોતરનું સંતાન એચ.એમ. આ કામગીરીમાં પૂર્ણરૂપે મહોરી ઊઠ્યા હતા. અંગ્રેજ અધિકારી રેડક્લિફની ફોર્મ્યુલા મુજબ દેશના ભાગલા ગાંધીજીની અનિચ્છા છતાં થયા. દિલ્હીમાં 'મૂળ સોતા ઊખડેલા' હિજરતીઓ મોટી સંખ્યામાં આવ્યા હતા. દિલ્હીમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હતી. આ પરિસ્થિતિમાં સરદાર સાહેબની દ્રઢતા તેમજ એચ.એમ.ની વહીવટી કુશળતાએ દિલ્હીના કાયદો – વ્યવસ્થાને જાળવી રાખ્યા હતા. જો કે અંતે પોરબંદરમાં જન્મેલા એક બત્રીસ લક્ષણા મહાપુરુષે દેશની સલામતી જાળવવા અને ભાઈચારો કેળવવા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.

ઓક્ટોબર-૧૯૪૭ થી ૧૯૫૩ સુધીના કટોકટીભર્યા સમયમાં હીરુભાઈએ દેશના સંરક્ષણ સચિવ તરીકે કામ કર્યું. આ સમયગાળામાં સરદાર સાહેબે નક્કી કરેલા માર્ગે 'હૈદ્રાબાદ એકશનહ્વ પાર પાડવામાં એચ.એમ. તથા ક.મા.મુનશીનો મહત્વનો ફાળો રહ્યો. ભારતીય સેનાના જનરલ રાજેન્દ્રસિંહ જાડેજા (જામનગર) આ સમગ્ર એકશનને સફળતાથી ભૂમિગત કરી શક્યા હતા. હૈદ્રાબાદના નિઝામની તરંગી ઈચ્છાઓ સામે આ ચાર મહાન ગુજરાતીઓએ દેશના હિતમાં આકરા નિર્ણયો કરીને હૈદ્રાબાદની ભેટ સ્વતંત્ર દેશનાચરણે ધરી હતી. એક મજબૂત ટીમ તરીકે તેઓ સત્યને આરપાર જોઈ શક્યા હતા. એચ.એમ.પટેલની આ ઘટનામાં ચાવીરૂપ ભૂમિકા હતી.

દેશના બહુચર્ચિત તથા સુવિખ્યાત વડાપ્રધાન ઈન્દીરા ગાંધીના શાસન તેમજ તેમની કાર્ય પધ્ધતિનું એક અભ્યાસુને છાજે તેવું અવલોકન હીરુભાઈએ કર્યું છે જે હેતુલક્ષી જણાય છે. ૧૯૬૬માં ઈન્દીરાજી પ્રધાનમંત્રી થયા પછીના સાત વર્ષના ગાળામાં તેમણે બતાવેલી વહીવટી સૂઝ તથા કુનેહ સાથે 'સમતામાંથી પ્રભુત્વ' તરફની તેમની ગતિ તરફ પણ પટેલ સાહેબે સકારણ નિર્દેશ કરેલો છે. દરિયાપારના દેશોમાં ઈન્દીરાજી એક મજબૂત શાસક તરીકે ઉભરી આવ્યા હતા. રાજકારણની આંટીઘૂંટી સમજવામાં તેઓ તેમના પિતા કરતા પણ આગળ હતા. એક વિચક્ષણ રાજપુરુષ તરીકે તેઓ દેશના કરોડો લોકોના માનસને બરાબર સમજી શકતા હતા. લોકસભામાં પોતાની જંગી બહુમતીના જોરે તેમણે બંધારણમાં પણ મૂળભૂત સુધારા કર્યા. બંગલાદેશમાં મળેલી સફળતાએ તેમના આત્મવિશ્વાસમાં વૃધ્ધિ થઈ હતી. જોકે ઈન્દીરાજીનું સ્થાન પુર્ણત: મજબૂત થતા વડાપ્રધાનનું સચિવાલય (P.M.O.) દરેક નિર્ણયોમાં પ્રભાવી બન્યું તેના પરીણામો વિશે પણ હીરુભાઈએ તટસ્થ આકલન કર્યું છે. સત્તાના કેન્દ્રીકરણના ભયસ્થાનો તરફ એચ. એમ. પટેલે ધ્યાન દોરેલું છે જે ગમે તે કાળે યથાર્થ ગણી શકાય તેવું છે.

એક આઈ.સી.એસ. અધિકારીના ટેબલ ઉપર 'કુમાર'તેમજ 'અખંડ આનંદ' જેવા સુવિખ્યાત ગુજરાતી સામયીકો જોવા મળતા હતા. 'અખંડ આનંદ' ટ્રસ્ટને તો તેમના નેતૃત્વનો લાભ પણ મળ્યો હતો. તે સમયની પ્રથા મુજબ ઈંગ્લેન્ડ અભ્યાસ કરવા જતા પહેલા સોજીત્રાના સવિતાબહેન સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. સુખી તેમજ સંસ્કાર સમૃધ્ધ દાંપત્યજીવન રહ્યું. વિલાયતમાં પોતાના લાંબા વસવાટ દરમિયાન માતા 'મગસ' બનાવીને મોકલતા તેની મીઠાશ અને હૂંફનો હીરુભાઈ આનંદ માણી શકતા હતા. ઈશ્વર પેટલીકરે લખ્યું છે તેમ આ 'સાહેબરૂપ સેવક' હિન્દુસ્તાનના કટોકટીભર્યા ઈતિહાસની એક મજબૂત કડી સમાન છે.

# સંન્યાસનો હેતુ સામાજિક ન હોય તો સ્વાર્થ કૃત્ય

## ગાંધીની કેળવણીને સમજાવતા આચાર્ય કૃપાલાણીજી



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

આચાર્ય કૃપાલાણીજી કહે છે, કેળવણીનું કામ વ્યક્તિને કેળવવાનું તથા તેને વિકાસ સાધવાનું છે. પરંતુ માનવવ્યક્તિ પિતાનું વ્યક્તિત્વ સમૂહમાં જ—અર્થાત કોઈ પણ પ્રકારના સમાજમાં જ રહીને પ્રાપ્ત કરી શકે છે. કેઈ નિર્જન સ્થાનમાં રહીને તે વિકસી ન શકે. સામાજિક ભૂમિકા વિના માનવવિકાસ સંભવિત નથી. કોઈ વ્યકિત જગતનો ત્યાગ કરી તપસ્વી-સંન્યાસી બની જાય છે, તો પણ તે અમુક પ્રકારની સામાજિક વ્યવસ્થાની ભૂમિકા ઉપર રહીને જ તેમ કરે છે. તેનો સંન્યાસ, પોતે જ જે ઉચ્ચ કોટીનો હોય તે, કોઈ સામાજિક હેતુસર જ હોય છે. માત્ર સંન્યાસ લઈને નિવૃત્ત થવાનું થોડા વખત પૂરતું અમુક પ્રકારની વિશિષ્ટ સાધનાને અર્થે હોય તે જુદી વાત; બાકી, તેની પાછળ કોઈ અંતિમ સામાજિક હેતુ ન હોય, તે તેને અંગત સ્વાર્થનું કૃત્ય જ ગણી કાઢવું જોઈએ, ભલે પછી તે ધર્મવ્યવસ્થામાં માન્ય ગણાતું હોય. કારણ કે તે વસ્તુ તે કાંઈ પણ બદલ આપ્યા વિના સમાજનું એક પ્રકારે હળવું પણ ચૂસવાપણું જ છે. સંન્યાસીનું જંગલનું જીવન પણ સમાજને લીધે જ શક્ય બનતું હોય છે. તેના વિના તેને આવશ્યક એવું શારીરિક, માનસિક કે નૈતિક પોષણ પણ ન મળે. તેથી કરીને દરેક સાચે સંન્યાસી પૂર્ણતા અને આત્મ સાક્ષાત્કારનું લક્ષ રાખવા ઉપરાંત ઉદાહરણ અને ઉપદેશ દ્વારા સમાજસેવાનું ધ્યેય પિતાની સામે રાખે જ છે. તેનો સંન્યાસ વ્યક્તિ તેમ જ સમાજ બંનેને અર્થે હોય છે. બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત અને રામકૃષ્ણ જેવા મહારુષોને સંન્યાસ એ જાતનો હતે. એ પોતાની જાતને પૂર્ણ કરવાની એક પ્રકારની સાધનારૂપ હતું, જેથી કરીને તેઓ સમાજને વધુ અસરકારક રીતે દોરી શકે.

સાચી વાત એ છે કે, વ્યક્તિ અને સમાજને માત્ર સિદ્ધાંતમાં જ અલગ પાડી શકાય. પ્રત્યક્ષ જીવનમાં તે તે બંને ભેગાં તથા એકબીજાથી સંબદ્ધ જ હોય છે. એ બેના અરસપરસ સંબંધની ઉપેક્ષા વ્યક્તિ તેમ જ સમાજને જોખમાવીને જ થઈ શકે; તથા એકના ઉપર વધારે પડ ભાર મૂકવાનું પણ બીજાને ભેગે જ થઈ શકે. બેમાંથી ગમે તે એક ઉપર એ ભાર મૂકે એ સાચી અને કાયમી સંસ્કૃતિ માટે જોઈતી સમતુલાનો નાશ કરવા બરાબર જ થાય. જગતનાં દુ:ખને મોટે ભાગ આ સમતુલાના નાશને આભારી છે. કેટલીક વાર વ્યક્તિ પિતાની ગેરશિસ્તભરી વર્તણૂકથી સમાજમાં અંધાધુંધી પ્રવર્તાવી મૂકે છે, તે બીજી વાર સમાજ વ્યક્તિને એટલી તો કચરી નાખે છે કે, તેનામાંથી જાતે કાંઈ નવું શરૂ કરવાની શક્તિ કે વૃત્તિ તેમ જ તેનું વ્યક્તિત્વ ચાલ્યાં જાય છે, અને તે માત્ર એક જડ યંત્ર બની જાય છે. માનવજાતિ હંમેશાં વ્યક્તિ અને સમાજરૂપી આઘાત-પ્રત્યાઘાતની વચ્ચે ઝોલાં ખાતી જ રહી છે. તે બે વચ્ચે સાચો સમન્વય કદી સધાયો હશે તેય તે ટૂંકજીવી જ રહ્યો હશે.

તેથી કેળવણીએ જે અસરકારક તથા ફલપ્રદ નીવવું હોય, તે વ્યક્તિ તેમ જ તેની આવશ્યકતાઓ તરફ ઉપેક્ષા કર્યા વિના તેણે સામાજિક ભૂમિકાવાળી તથા સામાજિક હેતુવાળી બનવું જોઈએ. પ્રાચીન ચીની ઋષિ અને ફિલસૂફ કન્ફશિયસ કેળવણી અને સમાજ તેમ જ વ્યક્તિના જીવન વચ્ચેનો સંબંધ આ રીતે નિરૂપે છે: ''ઈશ્વરે જે બક્ષ્યું છે, તે કુદરત છે; એ કુદરતને અનુરૂપ થવું એ કર્તવ્યમાર્ગ છે. એ માર્ગની દોરવણી એ શિક્ષણનું કામ છે. 'હવે કર્તવ્ય' તે વૈયક્તિક તેમ જ સામાજિક એમ બે પાસવાળી વસ્તુ છે જ. છેક આધુનિક સમયમાં આવીએ તે પ્રો. જોન ડયૂઈ કેળવણીની વ્યાખ્યા કરતાં કહે છે કે, કેળવણી એટલે, ''અનુભવના પુન:સર્જનની પ્રક્રિયા. અર્થાત વ્યક્તિને તેની શક્તિઓ ઉપર વધુ સારો કાબૂ આપીને તેના અનુભવને વધારવા દ્વારા તેને વધુ સામાજિક મૂલ્ય આપવાની પ્રક્રિયા.'' વળી છે. જેમ્સ કેળવણીની એવી વ્યાખ્યા આપે છે કે, કેળવણી એટલે કાર્ય કરવાની પ્રાપ્ત કરેલી ટેવનું એવું સંગઠન કે જેથી વ્યક્તિ પિતાની પ્રાકૃતિક તેમ જ સામાજિક પરિસ્થિતિમાં બરાબર ગોવાઈ રહે.''

હિંદુસ્તાનની અત્યારે ચાલતી કેળવણીની યોજના પાછળ બહુ ઓછો સામાજિક હેતુ રહેલું છે એ સુવિદિત છે. તેનો મુખ્ય હેતુ વ્યકિતની આજીવિકાને પ્રશ્ન ઉકેલવાને છે. તેથી કરીને એ હેતુ પણ તેના વડે પાર નથી પાડી શકાય એમાં કશું નવાઈ પામવા જેવું નથી.

બીજું કેળવણી જીવન માટે છે. જીવનમાં કોઈ ને કોઈ પ્રકારનું સામાજિક સંગઠન સમાયેલું હોય છે. તેથી કરીને દરેક સમાજવ્યવસ્થા પિતાની આવશ્યકતાઓ અને ધ્યેય અનુસાર ઉચિત કેળવણી છે કાઢે છે. ઉપરાંત, કેળવણી માત્ર માહિતી અને જ્ઞાન એકઠું કરવા માટે જ નથી, – ભલે પછી તે જ્ઞાન ગમે તેટલું ઉપયોગી હોય, પરંતુ ચારિત્ર્યના વિકાસ અર્થે છે. વ્યક્તિ એકલી અલગ રહીને પિતાનું ચારિત્ર્ય વિકસાવી ન શકે. સામાજિક વાતાવરણમાં જ એ બની શકે. ચારિત્ર્યને જે કાંઈ અર્થ છે તે સમાજ દ્વારા જ તેને પ્રાપ્ત થાય છે. ઈતિહાસમાં આપણને વિવિધ હેતુઓ અને પ્રજનવાળા સમાજનાં ઉદાહરણ મળે છે. દરેક સમાજ પિતાના નાગરિકોમાં અમુક પ્રકારના ચારિત્ર્યની અપેક્ષા રાખે છે. કેટલાક સમાજો લકરી પ્રયોજનાસર જ સંગઠિત થયા હેય છે. બીજા કેટલાક આધ્યાત્મિક હેતુઓથી. કેટલાક વ્યાપારી કે ઔદ્યોગિક સમાજના દાખલા પણ છે. તેવો દરેક સમાજ પિતાના મુખ્ય પ્રક્સને અનુરૂપ કેળવણી યોજી કાઢે છે.

(કેળવણીના ગાંધી વિચારો સમજવા આચાર્ય કૃપાલાણીજીના વિચારો 'લેટેસ્ટ ફેડ' પુસ્તક વાંચવા જેવું છે.)